# પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય માતેશ્વરી જગદંબા સરસ્વતી ની પુણ્ય તિથી ઉજવશે.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા દરેક વર્ષ ૨૪ જુનના રોજ માતેશ્વરી જગદંબા સરસ્વતીની પુણ્યતિથી નિમિત્તે તપસ્યા-ભોગ તેમજ તેમના જીવન ચારીત્ર્ય પર પ્રવચન કરશે|**

**માતેશ્વરી આપણા જેવા સાધારણ પરિવારના અને અભ્યાસ પણ સાધારણ કરી આ ઈશ્વરીય પરિવારમાં ૧૮ વર્ષની ઉંમરે આવી શિવાબાબાના એકેક શબ્દ ખુબજ ધ્યાનથી પ્રેમપૂર્વક સાંભળતાં. એકવાર શિવબાબાએ માંતેશ્વરીને કહ્યું કે તમે લક્ષ્મી બનશો. ત્યારથી તેમના જીવનમાં પરિવર્તન આવ્યું. ગુણવાન બનવું છે, ગુણ જોવા છે, ગુણદાન કરવું છે. આ ત્રણ વાતોમાં તેંઓ નિશ્ચયી હતા. જેથી નાની ઉંમરે ઉંચી ધારણાને કારણે તેમને નાના મોટા સૌ મમ્મા કહેવા લાગ્યા.**

માતેશ્વરી સખત પરિશ્રમ દ્વારા પૈસાના ગુલામ ન બનતા પૈસાને ગુલામ બનાવી પરમપિતા પરમાત્મા દ્વારા સ્થાપિત સતયુગી વિશ્વની પ્રથમ મહારાણી શ્રી લક્ષ્મી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. તેમના જીવનથી એવું સિદ્ધ થાય છે કે શ્રી લક્ષ્મીપદ માત્ર સ્થૂળ ધનના આધારે નથી મળતું. શ્રી લક્ષ્મી બનવા માટે ધનવાન થવું આવશ્યક છે.

સ્થૂળ ધન કોઈને નરમાંથી શ્રી નારાયણ અને નારીને શ્રી લક્ષ્મી નથી બનાવી શકતું. શ્રી નારાયણ અગર શ્રી લક્ષ્મીપદની પ્રાપ્તિ માટે જ્ઞાન યોગનો અભ્યાસ, દૈવી ગુણોની ધારણા, વિશ્વના સર્વ આત્માઓની સેવા તથા વહીવટી યોગ્યતાઓની આવશ્યકતા છે.

પહાડ જેવી સમસ્યા આવી પડે તો પણ સત્યની વાત પર અતુટ વિશ્વાસ, દ્રઢ નીશ્ચ્ય, પરમાત્મા પર સ્થિર શ્રધ્ધા તથા સમસ્યાઓનું સમાધાન કરવાનો ગુણ સિધ્ધ કરી શ્રી લક્ષ્મી જેવું સર્વશ્રેષ્ઠ પદ પ્રાપ્ત થઇ શકે છે એ માંતેશ્વરીએ પોતાના જીવનમાં પુરવાર કર્યું.

માંતેશ્વરીની વાણી એટલી સુંદર-મધુર અને સ્પષ્ટ હતી કે સાંભળનારના દિલમાં તે ઘર કરી જતી. તેમની વાણીમાં અનેકોને પોતાના પ્રશ્નોનું સમાધાન મળતું.

બ્રહ્માકુમારી બનતા પહેલા તેમનું લક્ષ હતું કે હું ભક્ત શિરોમણી મીરાં સમાન કોઈ એવું કાર્ય કરીશ. જેથી લોકો મને યાદ કરતા રહેશે. ત્યારપછી તેઓએ પોતાનું જીવન પ્રભુ પ્રત્યે સમર્પણ કર્યું. ભક્તિમાં પરમાત્મા દ્વારા અપ્રત્યક્ષ ફળ મળેછે અને જ્ઞાનમાર્ગમાં પરમાત્મા આપણને પ્રત્યક્ષ રૂપે મળેછે.

માતેશ્વરીના જીવનમાંથી આપણે એટલું જ શીખવાનું કે પરમાત્મા જે હાલતમાં આપણને રાખે તે પ્રમાણે રહેવું.

શ્રી લક્ષ્મી બનવા માટે લૌકિક અભ્યાસની પણ કોઈ આવશ્યકતા નથી. પરંતુ ઈશ્વરીય અભ્યાસ અને શ્રેષ્ઠ ધારણાઓના આધાર પર શ્રેષ્ઠ પદની પ્રાપ્તિમાં શું અંતર છે તે માતેશ્વરીએ સિધ્ધ કરી બતાવ્યું છે.

શિવબાબાએ માતેશ્વરીના માથે અમૃતકળશ મૂકયો. તે ધારણ કરી પિતા-પ્રસાદરૂપે મળેલ જ્ઞાનનું અમૃતપાન કરાવતા તેઓ કાયમ શિવબાબાએ એવું કહ્યું છે, શિવબાબાએ એવું સમજાવ્યું છે તેમ કહેતાં. પરંતુ પોતાનો મત ક્યારે પણ વ્યકત કર્યો નથી.

શિવબાબાની પૌત્રી બ્રહ્માંબાબાની દિકરી બનીને સર્વની મનોકામના પૂર્ણ કરનારી કામધેનું માં બની તેઓએ શિવબાબાના જ્ઞાનને ધારણ કર્યું. માટે વિદ્યાની દેવી આપણે તેમને યાદ કરીએ છીએ. સંબંધમાં એટલી સ્વચ્છતા, પવિત્રતાની શક્તિ જે જગદંબા જેવું તેમનું મુખારવિંદ લક્ષ્મી સ્વરૂપ બન્યું.

-:ઓમ શાંતિ:-

૨. –

__ -:માતેશ્વરી જગદંબા-સરસ્વતીના જીવન ઉપયોગી જ્ઞાન-રત્નો :-

- હે બાળકો – આ જીવન તો હાર-જીતનો એક ખેલ છે.  એમાં કોઈ પણ આત્મા સુખદુ:ખ, માન-અપમાન, સ્તુતિ-નિંદાથી મુક્ત રહી શકતો નથી. ઈશ્વરના જ્ઞાનને ગહનતાથી સમજો, યોગાભ્યાસ કરો, ટ્રસ્ટી બનીને કાર્ય-વ્યવહાર કરતા રહો તો સ્વાભાવિક રીતે બધું ઠીક થઇ જશે.
- ઈશ્વરીય સેવા કરવાનો  હેતુ પોતાના જીવનને આદર્શમય જીવન બનાવવાનો છે, જેનાથી અન્ય આત્માઓ પર પ્રભાવ પડી શકે.
- હે બાળકો-ભૂતકાળના જીવનને વાગોળવાથી આત્મિક ખુશી ગાયબ થઇ જાય છે.  એટલે અંતર આત્માથી વિચારવાનું છે કે મારો કર્મનો હિસાબ-કિતાબનો ચોપડો પૂરો કરવાનો છે અને નવો ચોપડો બનાવવાનો છે.  નવા ચોપડામાં દૈવી સંસ્કારો અને પરમાત્મા શક્તિને ધારણ કરી જમા પાસું બનાવવાનું છે.
- હંમેશા 'હાજી' નો પાઠ પાકો કરજો.  કોઈએ આપને કોઈ કામ સોંપ્યું પરંતુ આપને તે આવડતું નથી તો સીધું ના ન પાડો.  એમને પૂછવું કે આ કાર્ય કઈરીતે થશે?  જો આપ મને તેનો ઉપાય બતાવશો તો તે પ્રમાણે કરીશ.
- ક્યારેય પણ કોઈ વાત બને, ઘટના ઘટે તો એનું વાતાવરણ બનાવશો નહિ.  ગંભીરતાનો ગુણ ધારણ કરી સાક્ષીદ્રષ્ટા બની કાર્ય કરવું.

- પોતાની મનમતને અથવા પરમતને જીવનમાં જવાબદાર બનાવશો નહી, એક પરમાત્માની ઈશ્વરીય મત જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે ઉપયોગમાં લેવી.

- હે બાળકો – એટલું જીવનમાં જરૂર યાદ રાખો કે-"જેવું કર્મ હું કરીશ મને જોઇને બીજા પણ કરશે."  એટલે કર્મની ગુહ્યગતિ સમજીને કર્મ કરતા પહેલા વિચારવું.

- હે બાળકો – જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે 'જીવનની હર ઘડીને અંતિમ ઘડી સમજો,' આમ વિચારવાથી પ્રત્યેક પળે ખોટું કરવાથી આત્માં ડરશે.

- જયારે પણ ઈશ્વરીય જ્ઞાન સાંભળો, વિચારો, સમજો ત્યારે તેમાં જે કઈ ઉપદેશ કે આદેશ આત્માં પ્રતિ આપવામાં આવે ત્યારે ચોક્કસ સમજો કે આદેશ આપનાર પ્રભુ મારી આત્મ-ઉન્નતિ માટે – 'હુકમ કરનાર પરમાત્મા હુકમ ચલાવી રહ્યા છે.'

- હે બાળકો – તમારું જીવન મન-વચન-કર્મથી પોસ્ટકાર્ડની જેમ હંમેશા ખુલ્લું હોવું જોઈએ, કવરની જેમ કદાપી બંધ નહિ હોવું જોઈએ.

- હે બાળકો – જીવનમાં કામ કરવાથી ભૂલ થશે, પણ ધ્યાન રાખજો એકવાર ભૂલ થાય તો તે ભૂલ બીજીવાર ફરીથી ક્યારેય ન થાય તેની સતત આત્મ – જાગૃતિ રાખજો.
- -: ઓમ-શાંતિ :-

-:૨૪ જુન – સ્મૃતિ દિવસ :-

ઇતિહાસનું પુનરાવર્તન થતું રહે છે. સૃષ્ટિની ગતિ ચક્રાકાર છે. દર પાંચ હજાર વર્ષ પછી પરિસ્થિતિ ફરીથી આવે છે. વર્તમાન સમય ફરીથી ધર્મગ્લાનીનો સમય સર્વત્ર ફેલાયેલો છે. અનાચાર, અત્યાચાર, પાપાચારની બોલબાલા છે. પરમાત્માના સંતાનો દુરાચારી, પતિત અને વિકારી બની ગયા છે, એવા સમયે કલ્પ પેલાની જેમ 'નિરાકારી પરમાત્મા શિવે' એક સાત્વિક વૃતિવાળા વૃદ્ધ મનુષ્યને આદેશ આપ્યો કે, તું સ્વયં પાવન બનીને અન્ય આત્માઓને પણ પાવન બનાવવાનું દિવ્ય અલૌકિક કર્તવ્ય કર. જે

થકી પાવન, સતોપ્રધાન, સતયુગી, દૈવી સૃષ્ટિની પુન:સ્થાપના થઇ શકે. પરમાત્માએ એ વૃદ્ધ મનુષ્યનું નામ '

પ્રજાપિતા બ્રહ્મા' રાખ્યું, તથા તેમના દ્વારા પ્રાય:લોપ 'ગીતાજ્ઞાન' અને 'સહજ રાજયોગ' નું શિક્ષણ આપીને માનવમાત્રને 'નષ્ટમોહા', સ્મૃતિલબ્ધા' બનાવવા માટે 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય'ની સ્થાપના કરી.

પ્રજાપિતા બ્રહ્માની સાથે 'માંતેશ્વરીજીએ' પણ આ વિદ્યાલયના 'મહાયજ્ઞ'ના કાર્યમાં માનવમાત્રને પવિત્ર બનાવવાની અસાધારણ સેવા કરી હતી. 'જગદંબા સરસ્વતી' ના દૈવી મહિમા યોગ્ય નામ સાથે 'માંતેશ્વરીજી' એક ઉત્કૃષ્ટ, અલૌંકિક અને દિવ્યકોટિનું વ્યક્તિત્વ ધરાવનાર અને બ્રહ્માંબાબાને દિન-પ્રતિદિનના પ્રશાશનમાં મુખ્ય સહાયક રહ્યા હતા. સાધારણ પરિવારના હોવા છતાં અનેકોની તુલનામાં તેઓ પોતાની યોગ્યતાઓ અને શ્રેષ્ઠ કર્મોની ઉંચી ધારણાઓને લઈને મહાન બન્યા. ૧૮ વર્ષની ઉંમર હોવા છતાં વિદ્યાલયના દૈવી પરિવારજનોએ તેમનામાં 'જગતમાતા'નો અનુભવ કર્યો, અને ભાઈ-બહેનોની પાલના માતેશ્વરીજીએ પણ જગતમાતાના રૂપે કરી. એમનામાં એક અદભુત શક્તિ હતી, કે એકવાર થયેલી ભૂલ ફરી થતી નહોતી. એવા અથક સેવાધારી હતા. પરમાત્માના પ્રત્યેક આદેશનો તેઓ તરતજ આચરણમાં મુક્તા એ તેમની વિશેષતા હતી.

તેઓ અતિ મધુર અને સ્નેહી હતા. તેઓ રોજ વહેલી સવારે અમૃતવેળાએ ઉઠતા હતા. અને પરમાત્મા સાથે આત્મિક સંબંધની અનુભૂતિમાં લવલીન થઇ જતા હતા. એમનામાં એક અદ્વિતીય વિશેષતા એ પણ હતી કે, જયારે તેઓ કોઈ 'ઈશ્વરીય જ્ઞાન બિંદુને' સ્પષ્ટ કરતા તો એમની વાણી ગંગાજળ સમાન વહેતી થતી હતી, જે સત્યતાના આધાર પર સર્વને સ્પષ્ટ થતું હતું. તેઓ જયારે વીણાના વાજિંત્ર પર શૂર મેળવતા ત્યારે સૂરીલા અવાજમાં ખૂબ સુંદર પરમાત્માના મહિમા યોગ્ય ગીતો પણ ગાતા હતા. એમણે ભાઈ-બહેનોને પોતાના વ્યક્તિગત જીવનના આધારથી 'વિશ્વસેવાધારી' બનવાનું જ્ઞાન પણ આપ્યું. બ્રહ્માંબાબા સમાન માંતેશ્વરીજી પણ વિશ્વ સેવાધારી હતા. અન્યોને પણ આપસમાન બનાવવા માટે હમેશા તત્પર રહેતા. વિદ્યાલયના દૈવી પરિવારના તેઓ, પરમાત્માએ આપેલ 'જ્ઞાનની દૈવી સરસ્વતિ'નું ઉચ્ચતમ પદ પામ્યા. એવા માંતેશ્વરીજીએ ૨૪મી જુને ૧૯૬૫ ના દિવસે લગભગ ૪૭ વર્ષની ઉમરે તેમણે તેમના પાર્થિવ દેહનો ત્યાગ કર્યો. વિદ્યાલયના ભાઈ-બહેનો ૨૪મી જુન માતેશ્વરી-જગદંબા-સરસ્વતીને 'મમ્મા'ના પ્રેમાળ ઉદબોધન સાથે 'મમ્મા ડે' તરીકે આજે પણ સ્નેહના આંસુઓની માળા સાથે એમણે કરેલ શ્રેષ્ઠ કર્મોની વિશેષતાઓને જીવનમાં ધારણ કરવાના દ્રઢ નિર્ધારના શ્રધા સુમન અર્પણ કરે છે.

-:ઓમ શાંતિ :-